**નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાઓ બાબત..**

વંચાણમાં લીધા

૧ નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૫.૩.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૨૦-૫૦૧—ટ

૨ નામ.સરકારશ્રીના ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૧૪.૪.૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩ / ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

## :: પરિપત્ર::

ઉપરોક્ત વંચાણમાં લીધેલ ક્રમ-૧ના પરિપત્રમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારશ્રીએ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણને નિયત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજય સરકારશ્રીની સરકારી કચેરીએ તા.૨૪.૩.૨૦૨૦ થી ૧૪.૪.૨૦૨૦ કુલ ૨૧ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય કરેલ છે.રાજ્ય સરકાર દ્વારા ઉકત વંચાણમાં લીધેલ ક્રમ-૧ ના પરિપત્રથી આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ બંધ રાખવી પરંતુ, કામની અગત્યતાના સંબધમાં સ્વવિવેકાનુસાર ન્યૂનતમ કર્મચારીઓ (Skeleton Staff) સાથે જે તે કચેરી ચાલુ રાખવાની સૂચના આપવામાં આવેલ છે જેને ધ્યાનમાં લઈ નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ/ પોલીટિકનીક/યુનિટ/સબ યુનિટ કચેરીઓ તથા શૈક્ષણિક કાર્યો અત્રેની કચેરીના તા. ૨૬.૩.૨૦૨૦ ના પરિપત્રથી તા. ૨૩.૩.૨૦૨૦ થી તા.૧૪.૪.૨૦૨૦ સુધી બંધ રાખવામાં આવે છે. **વંચાણમાં લીધા ક્રમ-૨ના જાહેરનામાની વિગતોને ધ્યાનમાં લઈ તા.૧૫.૪.૨૦૨૦થી તા.૩.૫.૨૦૨૦ સુધી ગુજરાત રાજયમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ હોય આવશ્યક કામગીરી સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૪.૨૦૨૦થી તા.૩.૫.૨૦૨૦ દરમ્યાન બંધ રાખવા આદેશ કરવામાં આવે છે.**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ/પોલીટિકનીક/ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને તેમના વિભાગની કામની અતિ અગત્યતાને ધ્યાનમાં લઈ કચેરીની આવશ્યક કામગીરીને ધ્યાનમાં લઈ તા.૧૫.૪.૨૦૨૦ થી તા.૩.૫.૨૦૨૦ દરમયાન કચેરીના વડાશ્રીઓએ તેમના વિભાગના કામની અતિ અગત્યતાને ધ્યાને લઈ સ્વવિવેકાનુસાર ન્યુનતમ અધિકારીઓ/કર્મચારીઓ/રોજમદારો/રીસર્ચ ફેલો/(Skeleton Staff)ની ફરજ ચાલુ રાખી કચેરીની અતિ આવશ્યક કામગીરી ચાલુ રાખવા તેમજ શિક્ષકશ્રીઓએ ઓનલાઈન શિક્ષણની કામગીરી સુચારુરુપે કરવા જણાવવામાં આવે છે. **ફરજ ઉપર ન હોય તે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ઉપરોકત સમયગાળા દરમ્યાન હેડકવાર્ટર છોડી શકશે નહી.** ઉપરાંત યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (**Work from home**) તેમની કચેરીના વડાશ્રીઓની સૂચના મુજબ કરવાનું રહેશે, તેમજ મોબાઈલ ફોન તેમજ ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. **ઉપરોકત તા.૧૫.૪.૨૦૨૦ થી તા.૩.૫.૨૦૨૦ સમયગાળા દરમ્યાન યુનિવર્સિટીનું તમામ શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.**

સદર પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રી આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨/૨૭૩૭-૬ / ૨૦૨૦

ન.કૃ.યુ. નવસારી તા.૧૬.૪.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નવા સચિવાલય બ્લોક નં. ૫ ગાંધીનગર
(૨) કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન , કાલીયાવાડી નવસારી
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ. , નવસારી
(૪) યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટિકનીના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ .
(૫) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ .

D:BGohil711.Letter.2020